**<u>ક્રિમીનલ ઈન્કવાયરી નંબર ૧/૨૦૧૯, જુનો નંબર એન. સી. ૨૮/૨૦૧૩ :–</u>**

સદર કામનું રેકર્ડ વંચાણે લીધું. ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા :–

આ કામે પોલીસ ધ્વારા **તા. ૩૦–૯–૧૩ ના રોજ આરોપીઓ વિ. નોન કોગ્નીઝેબલ ગુના નંબર ૨૮–૧૩થી, ઈ.પીક.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબના ગુનાની ફરીયાદ આવતા, અદાલત પાસે તપાસની મંજુરી માંગવામાં આવેલ. જે અરજી લગત મારા પુરોગામી મેજી.શ્રીએ હુકમ કરી પોલીસને તપાસની મંજુરી આપેલ ત્યારબાદ તા. ૧૭–૧–૧૫ ના રોજ મારા પુરોગામી મેજીશ્રીએ પોલીસને સી.આર.પી.સી –૧૭૩ મુજબ ફાઈલ કરવાનો થતો આખરી રીપોર્ટ રજુ કરવા આદેશ કરેલ. જે રીપોર્ટ રજુ થતા રીપોર્ટ વિરૂધ્ધના વાંધા વંચાણે લઈ મારા પુરોગામી મેજીશ્રીએ તા. ૨૫–૫–૧૬ નાર ોજ વધુ કોર્ટ ઈન્કવાયરી કરવાનો હુકમ કરેલ અને ફરીયાદીને તેના સાહેદો રજુ કરવાનો હુકમ કરેલ. સબબ આ કામે ફરીયાદીએ આંક–૬થ, સાહેદ બાલુભાઈને આંક–૭થી અને સાહેદ રવજીભાઈએ આંક–૮થી પોતાની જુબાની નોધાવેલ અને આંક–૮ વાળા સાહેદની તા. ૧૫–૨–૧૭ ના રોજ થયેલ જુબાની બાદ સદર કામ તા. ૧૧–૫–૨૦૨૦ સુધી ફરીયાદીને નવા વકીલ રોકવા સારૂ મુલ્તવી રાખવામાં આવેલ છે .ત્યારબાદ સદર કેસ અમો પ્રીસાઈડીગ ઓફીસર સમક્ષ પ્રથમ વખત તા. ૨૫–૬–૨૦૨૦ ના રોજ રજુ થયેલ પરંતુ કોવીડ –૧૯ના લોકડાઉના કારણે તા. ૧૪–૦૮–૨૦૨૦ અને ૯–૯–૨૦૨૦ના રોજ સદર કામ ફરીયાદીના પુરાવા માટે મુલ્તવી રાખવામાં આવેલ અને તા. ૪–૧૧–૨૦૨૦ ના રોજ ફરીયાદીને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ** .જે નોટીસ ફરીયાદીને બજી જતા તેઓ તેમના વિ.વ.શ્રી આજરોજ હાજર થયેલ છે.

સબબ સદર કામે પોલીસે રજુ કરેલ એન.સી ગુનાનો રીપોર્ટ વંચાણે લેતા પોલીસે જણાવેલ છે કે**, સદર કામે નોન કોગ્નીઝેબલ ગુના મુજબના આક્ષેપો ફલીત થતા**

**નથી અને ફોરેસ્ટના અધિકારી અને તેમના માણસો તેમની ફરજમાં આવતી કામગીરી કરેલ હોય કોઈ ગુનાહીત કૃત્ય બનતુ નથી જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી કરવાનું રહેતુ નથી.** આમ, પોલીસે ૧૭૩(૧) મુજબ એન.સી. ફાઈનલ સમરી ભરેલ છે પરંતુ સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલ આંક–૪ વાળા વાંધા ફરીયાદની જુબાની તથા તેના સાહેદોની જુબાની ધ્યાને લેતા આરોપીઓ વિ. પ્રર્થમદર્શનીય રીતે ૩૨૩, ૫૦૪, તથા ૧૧૪ મુજબનો ગુનો બનતો હોવાનું ફલીત થાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીઓ **નં. ૧ લખમણભાઈ હરદાસભાઈ ઓડેદરા, રહે. હજરતાશા રોડ જંગલ ખાતાના કવાર્ટરમાં, ઉના નં.ર. વીઠલભાઈ ગીગાભાઈ વણપરીયા, રહે. જસાધાર નં.૩ રવીકુમાર પરસોતમભાઈ વધાસીયા, રહે. ઘોડાવડી, નં. ૪ લક્ષ્મણભાઈ માચાભાઈ ચાવડા, રહે. ઘોડાવડી વિ. સી.આર. પી.સી કલમ–૨૦૪ અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, તથા ૧૧૪ મુજબના ગુનાનાં કામે મુદત તા. ૧૫–૩–૨૦૨૧ ના રોજ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**સદર કોર્ટ ઈન્કવાયરી આથી ફેસલ કરી તેને ક્રિ. કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.**

સ્થળ: ગીર ગઢડા

જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગીર ગઢડા, જજ કોડ જીજે૦૧૩૯૦